# 13 મા'ત્માના માણસ



**ધીરુબહેન પટેલ**

**(જન્મ : 29-5-1926)**

ટૂંકી વાર્તા, નવલકથા અને એકાંકી ક્ષેત્રે યશસ્વી પ્રદાન કરનાર ધીરુબહેન ગોરધનભાઈ પટેલનો જન્મ વડોદરામાં થયો હતો. 'અધૂરો કોલ', 'એક લહર', 'વિશ્રંભકથા' અને 'જાવલ' એમના ટૂંકી વાર્તાના સંગ્રહો છે. 'વડવાનલ', 'શીમળાનાં ફૂલ', 'વાવંટોળ', 'વમળ', 'કાદંબરીની મા', 'સંશયબીજ' એમની નવલકથાઓ છે. 'વાંસનો અંકુર', આંધળી ગલી', 'આગંતુક', 'અનુસંધાન' અને 'એક ભલો માણસ' તેમની લઘુનવલકથાઓ છે. 'પરદુઃખભંજન પેસ્તનજી', 'ગગનનાં લગન' તેમનાં હાસ્યરસનાં પુસ્તકો છે. 'પહેલું ઇનામ', 'પંખીનો માળો' અને 'વિનાશને પંથે' તેમના નાટ્યના સંગ્રહો છે. 'મનનો માનેલો' અને 'માયાપુરુષ' એ બે સંગ્રહો રેડિયોનાટિકાનાં છે. ધીરુબહેને 'ભવની ભવાઈ' ફિલ્મનું પટકથાલેખન પણ કર્યું છે. 'નમણી નાગરવેલ' એમનો એકાંકી સંગ્રહ છે. 'બતકનું બચ્ચું', 'અંડેરીગંડેરી ટીપરીટેન' તેમજ 'મિત્રાનાં જોડકણાં' તેમનાં બાળસાહિત્યનાં પુસ્તકો છે.

તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, અકાદમીનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર તેમજ સાહિત્ય અકાદમી દિલ્હીના ઍવૉર્ડ એનાયત થયા છે.

ગાંધીના માણસો—સત્યાગ્રહીઓ જેલમાં જતાં બાહ્યાંતર રીતે કેવા રૂપાંતરણ પામે છે તેનો ઉત્તમ નમૂનો નવલિકા નાયક મણિભાઈ છે. ઓછા-અધૂરા અભ્યાસે જેલસાથીઓની સાચી શીખ-સંગતે ખુદને પણ શંકા જાગે તેટલું પરિવર્તન મણિભાઈમાં થયું છે. અડબોથનો જવાબ અહિંસાથી આપવાની વાત તેના ગળે ઝટ ઊતરતી નહોતી, કિંતુ જેલમાંથી છૂટીને ઘરે જતાં પતિવ્રતા પત્ની હીરાને ખાદીવેશે જોતાં - 'જ્યાં તમે ત્યાં હું' સાંભળતાં જ તે આભો બની જાય છે. નાયકની ગાંધીનિષ્ઠા અને નાયિકાની પતિનિષ્ઠાના દ્વૈતમાંથી રચાતો એકનિષ્ઠ-અદ્વૈતભાવ એ 'વાર્તાવિશેષ' છે. જેલ-જીવનની રાજકીય પરેશાની અને કુટુંબજીવનની સામાજિક વિટંબણાઓ વચ્ચે સ્વસ્થ-તટસ્થ રહીને ભારતમાતાની આઝાદી માટે મથતા-મરતા સ્વાતંત્ર્યવીરોની ઝાંખી આ નવલિકા કરાવે છે.

---

'માફી માગીને નથી છૂટ્યો કંઈ - સરકારે જખ મારીને છોડ્યો છે!' મણિભાઈના મગજનો કેફ એના થાકેલા પગના પ્રત્યેક ડગલામાં નવું જોર પૂરતો હતો અને એટલે જ એ લાંબી ડાંફે ગામના ધૂળિયા રસ્તા પર નાનાનાના ગોટા ઉડાડતો ચાલ્યો જતો હતો. બાકી એના શરીરમાં તો રહ્યું'તું જ શું ? વધારે ખેંચીશું તો એ ઠાઠડી પર જ બહાર નીકળશે એવો ડર ન લાગ્યો હોત તો સરકારે એને હજી છોડ્યો ન હોત... હજી એ ચક્કી પીસતો હોત, દંડૂકાના માર ખાતો હોત, કાંકરીવાળા રોટલા તરછોડીને ઊભો થઈ જતો હોત અને એ બદલની નવી નવી શિક્ષા સહેતો હોત.

પણ એ બધાંનું એને મન કંઈ નહોતું. એનાથી નહોતી સહેવાતી તે ગાળ. નાનપણથી જ એની એવી તાસીર હતી કે કોઈનો તોછડો બોલ સાંભળતાં જ લોહી ઊકળી ઊઠતું. એમાં ને એમાં માસ્તરના માથામાં સ્લેટ મારીને નિશાળ છોડી દીધેલી. એમાં ને એમાં ત્રિભોવન વાણિયાની નોકરી છોડી દીધેલી. જિગરજાન ભેરુને મોંએથી પણ ગાળ ન સાંભળનારો આ મણિભાઈ! અને એને જેલમાં બે ટકાના વૉર્ડરો ઘડીએ ને વારે ધમકાવતા. પાંપણના પલકારા જેટલી જ નિયમિતતાથી ગાળ દેતા. મણિભાઈથી એ ન સહેવાતું. જંગલી ઘોડાનું ટોળું ધરતી ધમરોળતું દોડી આવતું હોય એવો એક પ્રચંડ આવેગ એના મનમાં જાગતો અને એનું શરીર કાબૂમાં ન રહેતું. સત્યાગ્રહીની આચારસંહિતાનાં ચીંથરેચીંથરાં ઊડી જતાં એવે વખતે.

અને પછી મણિભાઈ ઉપવાસ કરતો. એના કરતાં ઉંમરે મોટા, વિદ્વાન અને જેમણે ગાંધીજીનું પડખું સેવેલું હોય એવા કેદીઓ પાસે જઈને એમની શાંત વાણી સાંભળતો અને લજવાતો. એણે હજારેક વાર નિર્ણય કર્યો હશે કે ફરી આવું ન બનવા દેવું. છતાં ગાળ સાંભળતાંની સાથે જ એણે પ્રયત્નપૂર્વક કેળવેલી અહિંસા એકદમ અલોપ થઈ જતી અને તે એકલો પડી જતો. એકલોઅટૂલો, ઓછું ભણેલો એક ધરતીનો બાળ; જેણે બળબળતા બપોરે કે ચોમાસાની હેલીમાં બળદ સાથે બળદ બનીને ખેતર ખેડ્યાં છે, જેને ઝાઝું બોલ્યાની ફાવટ નથી, જેણે જિંદગી પાસેથી કોઈ વધારે પડતી માગણી નથી કરી – સાગરનાં મોજાં સાથે શંખલું જેમ કિનારે ઘસડાઈ આવે એમ રાષ્ટ્રીયતાના જુવાળમાં જે પોતાના ગામથી ઊંચકાઈને અહીં જેલમાં આવી પહોંચ્યો છે

અને મુદત પૂરી થતાં જે પાછો પોતાને વતન પહોંચી બળદનાં પૂંછડાં આમળવાની જ અભિલાષા સેવે છે – એને શું કરવું એની ગતાગમ નહોતી છતાંયે એને હાથેથી કંઈક થઈ તો જતું જ – જે સરકારને ન ગમે અને સત્યાગ્રહીઓનેય ન ગમે. પરિણામે એ સરકારના કર્મચારીઓનો માર ખાતો અને એના મૃદુભાષી સાથીદારોનો ઠપકો પણ ખમતો.

એ બધા ગાળામાં એના મનમાં એક ઝાંખુંઝાંખું સ્વપ્ન આકાર લઈ રહ્યું હતું. એક વાર ગાંધીબાપુના આશ્રમમાં જઈને પૂછવું છે, 'આ એવું કેવું કે હું મૂંગે મોંએ ગાળ ખાઈ લઉં તો જ ભારતમાતા આઝાદ થાય ?' આ વાત એને સમજાતી નહોતી. જોકે જેલવાસ દરમિયાન એના સુશિક્ષિત ભાઈબંધોની મદદથી એનું ભણતર ઠીક ઠીક આગળ વધ્યું હતું. અનેક અજાણી ચોપડીઓનાં પાનાંમાંથી અજવાળું પથરાતું જતું હતું અને એના મગજના નવા નવા વિસ્તાર શોધી કાઢતું હતું. મણિભાઈને બીક લાગતી હતી કે પોતે કંઈક બદલાઈ રહ્યો છે. અજાણ્યો થતો જાય છે... આ નવો મણિભાઈ શું કરે ને શું નહીં તે કંઈ કહેવાય નહીં... તોયે આ બધું ઘડીક ગમતું ને ઘડીક ન ગમતું એવું બન્યે જતું હતું.

ને હવે એ પૂરું થઈ ગયું હતું. એ છૂટી ગયો હતો અને એના પગ એના ગામ તરફ વળ્યા હતા. મણિભાઈ તો મણિભાઈ જ હતો, કંઈ આઈન્સ્ટાઇન નહોતો. છતાં એણે એની મેળે – જાતે સાપેક્ષતાનો સિદ્ધાંત શોધી કાઢ્યો હતો અને અત્યારે એ એવું અનુભવતો હતો કે જાણે જેલમાં મહિનાઓ નહીં પણ વરસોનાં વરસ રહ્યો હોય... જાણે એક ભવ વીતી ગયો હોય, જાણે એક નવો જન્મેલો મણિભાઈ સ્વપ્નમાં ચાલતો ચાલતો પોતાના પૂરવજનમની ભોમકા શોધતો હોય.

આછો વગડો હવે પૂરો થવાની તૈયારીમાં હતો. આઘેથી તમાકુનાં લીલાંછમ ખેતર દેખાતાં હતાં, મહેનતુ ખેડૂતોના હાથ રોજેરોજ ફરતા હતા એટલે ક્યાંય વાંકોચૂકો છોડ કે નીંદણ દેખાતું નહોતું. ધરતીએ પોતાના પેટાળમાં રહેલાં જીવતાંજાગતાં નીલમ જાણે બહાર પ્રગટાવ્યાં હતાં. અચાનક મણિભાઈના પગ પાસે થઈને એક મોર દોડી ગયો અને પાછળ પાછળ ચાર-પાંચ ઢેલડીનું ટોળું આવ્યું. મણિભાઈ ઊભો રહી ગયો. એને સુખ ઊપજ્યું. એને ઘર સાંભર્યું. એના બાપ વેરીભાઈ ઘરની બહાર રસ્તામાં મૂકેલી લાકડાની પાટ પર બેઠાબેઠા હુક્કો ગગડાવતા હશે. એ કંઈ વધારે નહીં બોલે. મણિભાઈ, આયા ભઈ ? કહીને જવાબની ખેવના વગર ચલમનો દેવતા ખોતરવા માંડશે પણ રાજી તો થશે જ. મનમાં ને મનમાં કદાચ દીકરાના દૂબળા દેહ પર એક નજર ફેરવી લેશે અને દુઃખીયે થશે. પણ કશું બોલશે નહીં. કંઈ પૂછશે નહીં.

એ બધું બાનું કામ. બા તો તરત જ ઠેઠ પરસાળના ઉંમરા લગી, ભલી હશે તો ચોક લગી દોડી આવવાની : 'આયો ભઈલા? આયહાય...કેવો થઈ ગયો છે !' કરતીક આંખે આંસુડાં ભરી દેશે. ઝટપટ ઘૂમટાથી આંખો લૂછીને પાણીનો લોટો ભરી લાવશે. સોનું તે શી ચીજ છે, એવો ચળકચળક કરતો પિત્તળનો લોટો. એની બાના હાથે ઉટકાયેલો ચોખ્ખોચણક લોટો! ને એમાં ભરેલું ઠંડું પાણી! માણસ બીજું શું માગે આ દુનિયામાં ?

મણિભાઈના પગ ઝડપથી ઊપડ્યા. પછી એની અંદર ઊપસતા પેલા બીજા મણિભાઈએ ધીરીધીરી વાત કરવા માંડી. બા હજી લાજ કાઢે છે...ઘૂમટો તાણે છે...કાઠિયાવાડના જેવો લાંબો નહીં તોયે આખું કપાળ ઢંકાઈ જાય એવો તો ખરો જ. એ કાંઈ બરાબર ન કહેવાય. બાને એક વાર ગાંધીબાપુના આશ્રમમાં લઈ જવી પડશે. ત્યાં બધાં એને બરાબર સમજાવી દેશે. લાજ ન કાઢવી, ઘરેણાં ન પહેરવાં...ને ભાગોળમાં પેસતો મણિભાઈ લગભગ હસી પડ્યો. બાને તો ઠીક, હીરાને કોઈ કાળે સમજાવી શકાય! એને ઘરેણાંનો બેહદ શોખ હતો. બાપને ત્યાંથી મળેલા મોટાભાગના દાગીના એ રાતદિવસ પહેરતી અને સાત પેઢીના સગાને ત્યાંયે લગ્ન આવે તો અચૂક મજૂસ ખોલીને હાર, પહોંચાં અને સાંકળાં કાઢતી જ. બા કોઈ વાર ટોકતી, 'બધે બધું પે'રવું જ, એ લખી આલ્યું છે?' પણ હીરા ધરાર કાઢતી ને પહેરતી. બાને સામો જવાબ ન વાળતી પણ દેરાણીને મોંએ બબડતી, 'બાપે આલ્યું છે તે પે'રવા કે પટારામાં ઘાલી મેલવા?'

હીરાનો ખોળો ભરવાનો થયો ત્યારે રોકડ રકમ આપવાની વાત થયેલી તે તેણે તત્કાળ નકારી કાઢીને સિંધિયાશાહી કડાં કરાવ્યાં અને લીધાં ત્યારે જ જંપી!

છોકરો હવે મોટો થયો હશે. પોતે જેલમાં ગયો ત્યારે જરાજરા ચાલતાં શીખ્યો હતો. રાવજીના જનમ પછી જ પોતે પેલા ભાષણમાં ગયો એય સારું થયું. નહીંતર કોને ખબર...ગાંધીજીની ઘણીઘણી વાતોમાં આયે આવી જતી હતી, બ્રહ્મચર્યની. જોકે મણિભાઈને એ પેલી અહિંસા કરતાં વધારે આકરું નહોતું લાગવાનું. હશે હવે, આમ ને આમ...

ઘર જેમ જેમ નજીક આવતું ગયું એમ જેલ, સિપાઈઓ, લાઠી ને કાંકરીવાળા રોટલા આઘા જતા ગયા, નજર આગળ પોતાનું હૂંફાળું સાદુંસીધું ઘર તરવરવા લાગ્યું. માબાપના કરચલીવાળા ચહેરાનાં દર્શન ને સગાંવહાલાંના હેતાળ આવકાર માટે

મન તલસવા લાગ્યું. સાથીદારોએ તો કહ્યું હતું, 'તરત પાછા આવી જજો, મણિભાઈ!' પણ એનું મન અંદરથી ઢીલું પડ્યું હતું. એને ઘરમાં રહેવું હતું, એને હીરાને મળવું હતું, બા અછોવાનાં કરે એ માણવું હતું...ગામના માણસોયે તે મિટિંગ-બિટિંગ ભરશે. કાં તો હાર પહેરાવશે. કદાચ નિશાળના માસ્તરને બોલાવી લાવશે ભાષણ કરવા. પોતેય કંઈક જવાબ વાળવો પડશે. છેલ્લે 'ભારત માતાકી જય! મા'ત્મા ગાંધીકી જય!' એમ બોલાવવું પડશે. માળું...આ હિન્દીનુંયે એક નવું જ હતું. પણ કંઈ નહીં, શીખી લેવાય એ તો. આ ગુજરાતી ન બરાબર આવડ્યું? એમ ને એમ હિન્દી! બાપુ કહેતા હશે એ બરાબર જ હશે ને! એ ઓછા કંઈ ખોટું કહે?

આવાઆવા વિચારોમાં રસળતો અને ઝડપભેર પગલાં ઉપાડતો મણિભાઈ પોતાના મહોલ્લામાં આવી પહોંચ્યો ત્યારે ચાટ આગળ પડ્યાં પડ્યાં હાંફતાં બેચાર કૂતરાંમાંથી એકે આંખ ઉઘાડીને એની સામે જોયું અને પહેલાં ભસીને ને પછી પૂંછડી હલાવીને એનું સ્વાગત કર્યું. સાધારણ રીતે કૂતરાંને હડે કહીને આઘાં કાઢતા મણિભાઈને આજે કૂતરાં ધકેલી કાઢવાનું મન ન થયું. એણે દૂર નજર માંડી, પાટ પર કોઈ બેઠું નહોતું.

'કેમ આમ? મોટા કંઈ માંદાસાજાં તો નહીં હોય?' ધકધક થતા કાળજે મણિભાઈ આગળ વધ્યો. ઘર પાસે પહોંચતાં પહોંચતાંમાં તો એને કેટલાયે વિચાર આવી ગયા. એ વિચારોમાંથી મુક્ત થઈને બાનું અશ્રુભીનું સ્વાગત માણવા જેવો એ ઘર આગળ આવીને ઊભો કે ડેલીનું ભારેખમ ખીલા જડેલું કમાડ કિચૂડ કિચૂડ કરતું બંધ થઈ ગયું.

આ કમાડ...આ કમાડ કદી બંધ નહોતાં થતાં. વરસોનાં વરસો લગી બંધ નહોતાં થયાં. મણિભાઈની સાંભરણમાં તો નહીં જ. હંમેશાં નાની ઝાંપલી જ વસાતી...આજે...આજે આ કમાડ બંધ! એના મનને એક ધક્કો લાગ્યો. એણે ભારેસલ્લ સાંકળ ઊંચકી અને ખખડાવી. કોઈ બોલ્યું નહીં એટલે એણે ફરી જરા જોરથી ખખડાવી. તે સામેના ઘરની ઉપલી મેડીની બારીઓ ખૂલી અને પાછી ધડાધડ વસાઈ ગઈ.

કંઈક છે! મનમાં વિમાસતા મણિભાઈએ મોટેથી બૂમ પાડી... 'બા, એ બા! કમાડ ખોલો. હું છું...હું!'

અંદર અને બહાર નિ:શબ્દ શાંતિ છવાઈ ગઈ. મણિભાઈને થયું કે પોતે હજી જેલમાં જ છે – એક સ્વપ્નું જુએ છે. અડધી રાતે છાતી પર ભયનો ઓથાર બનીને છવાઈ જાય એવું દુઃસ્વપ્ન! જરાક પ્રયત્ન કરીને આંખો ખોલી નખાય તો પલકવારમાં બધું મટી જાય...બા દોડતી દોડતી બહાર આવે...હરખઘેલી થઈને પૂછે, 'ભઈ, આયો?' એ – એ પણ એક બીજું સ્વપ્નું જ ન હોય?

ઓચિંતા પગ દુઃખવા માંડ્યા. બહુ થાક્યો છે પોતે, બગલથેલો પાટ પર મૂકીને એ બેસી પડ્યો. તે સાથે ઉપલી ખડકીની બારી ખૂલી. ક્રોધભરી ગર્જના સંભળાઈ :

'ચિયો છે એ?'

'હું...હું મણિયો!'

'વેરીભઈનો મણિયો તો ચ્યારનો મ્હાંણાંમાં ગયો. હેંડતો થા હેંડતો મોટી મા'ત્માવાળી ના જોઈ હોય તો!'

અને બારી વસાઈ ગઈ.

દિશાશૂન્ય બનીને મણિભાઈ એ બારી સામે તાકી રહ્યો. ઘણા વખત લગી તાકી રહ્યો અને અંતે એણે બગલથેલો પાછો ઊંચક્યો. મણમણના થઈ ગયેલા પગ ઘસડ્યા અને કૂતરાંની ચાટ આગળ જરા થંભીને રસ્તામાં ખાવા લીધેલું ગાંઠિયાનું પડીકું ઊંધું વાળ્યું. આભારવશ કૂતરાંએ પહેલાં પૂંછડી પટપટાવી અને ટોળે વળ્યાં પણ પછી ગાંઠિયા સૂંઘીને આઘાં ખસી ગયાં.

ઠીક ત્યારે, તમેય જાઓ!' અપાર ખેદથી મણિભાઈએ પાછું વળીને જોયા વગર બાપદાદાનો મહોલ્લો કાયમ માટે છોડ્યો.

એને સમજાતું નહોતું કે શું કરવું? સત્યાગ્રહીએ આવે વખતે ઉપવાસ કરવા જોઈએ, માતાપિતાને સમજાવવાં જોઈએ, પેલું શું ? હા – હૃદયપરિવર્તન કરાવવું જોઈએ...પણ ગાંધીજી ક્યાં એના બાપને ઓળખતા હતા? એમને ક્યાં ખબર હતી કે વેરીભાઈ વીફરે એટલે પછી કોઈના નહીં? લાખ સમજાવો તોયે બધું પથ્થર પર પાણી જ...

કંઈ નહીં. પોતે સાબરમતી ચાલ્યો જશે. આશ્રમમાં રહેશે. રેંટિયો કાંતશે. દેશસેવા કરશે. નહીંતર પાછો સત્યાગ્રહ કરીને

જેલમાં જશે. આ વખતે ડાહ્યો થશે. કોઈના પર હાથ નહીં ઉપાડે...વેરીભાઈને જો એમ લાગતું હોય કે એમનો મણિયો મરી ગયો છે તો પોતાના મનથી પણ બાપ – ઓચિંતી મા સાંભરી. ગળે સોપારી જેવો ગોળ ડૂચો ભરાયો ને આંખ ભીની થઈ ગઈ. માએ પણ બારણું ન ખોલ્યું?

મગજ બહેર મારી ગયું હતું પણ પગને એમની પોતાની આગવી સૂઝ હતી. રસ્તામાં એને જોઈને ઓળખ્યો ન ઓળખ્યો કરતા માણસો એનેય જાણે દેખાતા હતા – અને નહોતા દેખાતા. ચોરે એનો બાળપણનો ભાઈબંધ મગનિયો બેઠો હતો. એક વાર તો મણિભાઈને જોઈને ઉત્સાહથી ઊઠ્યોયે ખરો, પણ પછી પાછો બાજુમાં બેઠેલા વડીલોથી દબાઈને બેસી ગયો.

મણિભાઈ નિર્લેપભાવે ગામ છોડીને બહાર નીકળ્યો. સામેથી કોક આવતું હતું. બોલ્યું, 'ચ્યોં હેંડ્યા? સુંદરણા?' મણિભાઈએ જવાબ ન આપ્યો...આગળ ચાલ્યે જ ગયો. પછી આસ્તેથી મનમાં કૂંડાળા જાગ્યાં – શાથી પેલાએ સુંદરણાનું નામ દીધું? ત્યાં તો કોઈ સગુંવહાલું નહોતું રહેતું!

પણ પાછા વળવાની, કોઈને કંઈ પૂછવાની વૃત્તિ જ ન જાગી. એ તો સારું થયું કે જોઈતો રાત સામે મળ્યો. એ ન મળ્યો હોત તો મણિભાઈ સીધો સાબરમતી પહોંચી જ ગયો હોત! પણ જોઈતો મળ્યો. જોઈતાએ બધી વાત કરી અને મણિભાઈ સુંદરણાની વાટે ચાલ્યા.

હજી એને બધું માન્યામાં નહોતું આવતું. હીરા એકલી ઘર માંડીને રહે – અરે, એ બને જ કેવી રીતે?

પણ બન્યું હતું. સાવ નાનું ઘર હતું – પાટીદાર મહોલ્લાને છેડે-છેવાડે. આંગણામાં ભેંસ હતી, સામો કાથીનો ખાટલો હતો, એના પર બેઠી હીરા રાવજીને રમાડતી હતી. મણિભાઈને જોઈને સફાળી ઊભી થઈને સામી દોડી. મણિભાઈ સ્તબ્ધ થઈને એનું રૂપ જોઈ રહ્યો. ખાદીની જાડી, દોઢવેલી સાડી અને દાગીના વગરનો દેહ...આ હીરા છે ?

'જોઈ શું ર્યા છો તાકીતાકીને?'

'પણ – તું...?'

'લે હું જ ને! નથી વરતાતી?'

'તારાં ઘરેણાં ક્યાં ગયાં?'

'ડોબું આકાશમાંથી આયું હશે, નહીં તારે? પણ એ બધી વાત પછી - પહેલાં બેસો, પાણીબાણી પીઓ...આયહાય, કેવા થઈ ગયા છો સાવ!'

પતિપત્ની મળ્યાં. બધી વાતો થઈ. બાપની જોહુકમીની ને માના નિર્બળ વિરોધની ને હીરાનાં પિયરિયાંએ લીધેલા વલણની ને એવી બધી...પણ મણિભાઈના મનનું કૌતક મટતું નહોતું. પોતે તો જાણે ઠીક, કેવા મોટામોટા માણસોને મળ્યો ને કેવું બધું જાણી આવ્યો ને બદલાયો...પણ આ હીરા? એને કોણે આ શિખવાડ્યું? એ ક્યાંથી આટલી સાહસિક થઈ શકી? હીરાએ તો જાણે ટૂંકો ને ટચ જવાબ 'જ્યાં તમે ત્યાં હું!' આપીને વાત પતાવી નાખી ને ઝટપટ થાળી પીરસી દીધી. પણ મણિભાઈને કંઈ સમજાયું નહીં...એ બહુ જ વિચારમાં પડી ગયો. વિચારમાં ને વિચારમાં એણે ભાગોળેથી લીધેલાં બીડી બાકસ કાઢ્યાં ને જેવો દીવાસળી પેટાવવા ગયો કે હીરાએ એના હાથ પર ઝાપટ મારીને કહ્યું, ''રાખો હવે! શોભતા નથી : મા'ત્માના માણસ થઈને!'

પત્નીના હાથની પહેલવેલ્લી ઝાપટ ખાઈને મણિભાઈ ચોંકી ઊઠ્યો, ચિડાવાની તૈયારીમાં હતો ત્યાં સામસામી નજરો મળી અને બંને હસી પડ્યાં.

(ઇન્કિલાબ ઝિન્દાબાદ!)

### શબ્દ-સમજૂતી

**ડાંફ** મોટું પગલું; **સાપેક્ષ** અપેક્ષાવાળું; **બ્રહ્મચર્ય** ઇન્દ્રિયનિગ્રહ; **મહાંણ** સ્મશાન; **દંડૂકા** ટૂંકી લાકડી; **ઘૂમટો** લાજ કાઢવી; **વિમાસવું** વિચારવું; **દિશાશૂન્ય** ધ્યેયહીન, સૂઝબૂઝ વિનાનું; **કેફ** નશો **તાસીર** પ્રકૃતિ, સ્વભાવ **ગતાગમ** સમજ; **ખેવના** ઇચ્છા, આશા;

**મજૂસ** પેટી, પટારો; **ચાટ** કૂતરાને ખાવા નાખવાનું સાધન; **જુવાળ** ભરતી, પ્રવાહ; **પરસાળ** ઓસરી; **કૌતક** કૌતુક, નવાઈ; **અછો વાનાં કરવાં** અતિશય લાડ કરવા

## રૂઢિપ્રયોગ

**લોહી ઊકળી ઊઠવું** ગુસ્સે થવું; **પગ મણમણના થઈ જવા** મન ખિન્ન થઈ જવું

## સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક-એક વાક્યમાં ઉત્તર લખો :**

(1) મણિભાઈને શી શિક્ષા થયેલી?

(2) શા કારણે સરકારે મણિભાઈને છોડી મૂક્યો?

(3) હૃદયપરિવર્તન કરવા મણિભાઈ શો પ્રયત્ન કરતા?

(4) હીરાને કયો શોખ હતો?

(5) મણિભાઈએ ગાંધીજીને શો પ્રશ્ન કરેલો?

(6) મણિભાઈનું રસ્તામાં સ્વાગત કોણે અને શી રીતે કર્યું?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો :**

(1) ઘરે જતાં મણિભાઈએ શી વિમાસણ અનુભવી?

(2) હીરાને જોઈ મણિભાઈએ શું આશ્ચર્ય અનુભવ્યું?

(3) હીરાએ ઝાપટ મારી મણિભાઈને કયું સત્ય સમજાવ્યું?

(4) હીરા શાથી બદલાઈ ગયેલી?

**3. સવિસ્તર ઉત્તર લખો :**

(1) ઘર તરફ જતાં મણિભાઈનું મનોમંથન આલેખો.

(2) 'મા'ત્માના માણસ' શીર્ષકની યથાર્થતા ચર્ચો.

(3) સત્યાગ્રહી મણિભાઈનો અનુભવ તમારા શબ્દોમાં વર્ણવો.

## વિદ્યાર્થી-પ્રવૃત્તિ

- ધીરુબહેન પટેલનો વાર્તાસંગ્રહ 'જાવલ' મેળવીને વાંચો.
- ગાંધીજયંતીને દિને ગ્રામસફાઈ કરો.
- ગાંધીજીના અનુયાયીઓનાં જીવનચરિત્રો મેળવીને વાંચો.

## ભાષા-અભિવ્યક્તિ

**વાંચો અને નોંધ કરો :**

'મણિભાઈને બીક લાગતી હતી કે પોતે કંઈક બદલાઈ રહ્યો છે. અજાણ્યો થતો જાય છે...'. 'મણિભાઈ તો મણિભાઈ જ હતો.', 'મણિભાઈના પગ ઝડપથી ઊપડ્યા. પછી એની અંદર ઊપસતા પેલા બીજા મણિભાઈએ ધીરીધીરી વાત કરવા માંડી.'

– જેવાં વાક્યો થકી વાર્તાનાયક મણિભાઈનું એક વ્યક્તિત્વ અને તેમાં આવતો બદલાવ આપણી આંખ સામે જીવંત થાય છે.

'...હેંડતો થા હેંડતો' અને 'કૂતરાં...ગાંઠિયા સૂંઘીને આઘાં ખસી ગયાં' – આ બંને વાક્યોથી મણિભાઈની પોતાનાં જ ઘર અને ગામમાં શી સ્થિતિ સર્જાઈ તે અનુભવી શકાય છે.

'પતિ-પત્ની મળ્યાં.', 'બધી વાતો થઈ.' આ બે વાક્યોમાં મણિભાઈ અને હીરાનો દાંપત્યપ્રેમ બીજુ કશુંય વધારે કહ્યા વગર અભિવ્યક્ત થઈ જાય છે.

વાર્તાને અંતે બીડી પીવા જતાં મણિભાઈને પત્ની હીરા દ્વારા કહેવાતા વાક્યમાં 'મા'ત્માના માણસ' શબ્દ અને સ્વભાવગત ચીડાવાને બદલે મણિભાઈ અને હીરા જે રીતે હસી પડે છે તેમાં પરસ્પરના પ્રેમની સાથે આ બંનેના વ્યક્તિત્વને અસર કરતા ગાંધીવિચારને પણ પામી શકાય છે.

## શિક્ષક-પ્રવૃત્તિ

- 'અહિંસા પરમો ધર્મ' વિષય પર નિબંધ લખાવો.
- ગાંધીવિચારની અસરકારકતા વિશે વર્ગખંડમાં ઉદાહરણ સાથે ચર્ચા કરો.
- 'પરિવારની ધરી : સ્ત્રી' વિષય પર વક્તૃત્વ સ્પર્ધા યોજો.

### કલ્પના અને પ્રતિભા

કલ્પના જ્યારે ધારીએ ત્યારે કરી શકાય, પણ પ્રતિભા ધારીએ ત્યારે આવતી નથી. પ્રતિભાના માનીતા પણ સ્પષ્ટ રીતે કહે છે કે – અમારામાં સર્વદા પ્રતિભા રહેતી નથી, જ્યારે આવે ત્યારે અમે કાંઈ પણ કરી શકીએ છીએ. એથી જ શીઘ્ર કાવ્યો, ગણીગણીને ગોઠવેલાં કાવ્યો, ધારીધારીને કોતરેલા કે ચીતરેલા નમૂનાઓ કે ભણીભણીને ગાયેલાં ગાયનો યથેષ્ટ આનંદ આપી શકતાં નથી. કારણ કે તે સ્વતઃ આવેલી પ્રતિભાના પ્રસાદથી નહીં, પણ બળે બળે ખેંચી આણેલી કલ્પનાથી થયેલાં છે.

**– મણિલાલ નભુભાઈ દ્વિવેદી**

•